# વર્ગવધારા માટેની અરજી પત્રક અંગેની સૂચનાઓ

- શાળાએ વર્ગવધારો/ક્રમિક વર્ગવધારા માટે નકકી કરેલ અરજી પત્રક ભરવાનું રહેશે.
- અરજી પત્રકનો નમુનો વેબસાઇટ ઉપર આપવામાં આવેલ છે.
- સ્થળ તપાસનો અહેવાલના આધારે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ વર્ગવધારો મંજૂર / નામંજૂર કરવા અંગે સ્પષ્ટ કારણો સહિત ભલામણ કરવાની રહેશે.
- અરજી પત્રકના ફોર્મ , સ્થળ તપાસ અહેવાલ તેમજ અન્ય પત્રકો તૈયાર કરી અલગથી આ કચેરીને રજૂ કરવાનો રહેશે.
- અરજી સાથે દરખાસ્ત ફી રૂા. ૨૫૦૦/- ભર્યા અંગેનું અસલ ચલણ રજૂ કરવાનું રહેશે. રૂા. ૨૫૦૦/- ભર્યા અંગેની જરૂરી વિગતો અરજી પત્રકમાં સ્પષ્ટ દર્શાવવી.
- જિલ્લાની કુલ દરખાસ્તો પૈકી ૨૫ ટકા શાળાઓની ઓચિંતી મુલાકાત લઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ચકાસણી કરવાની રહેશે.
- સમય મર્યાદામાં તમામ દરખાસ્તો એક સાથે રજૂ કરવાની રહેશે.
- સબંધિત શાળાઓની દરખાસ્તમાં વિગતોની સંપૂર્ણ ચકાસણી કરી, સાચી હોવાની ખાત્રી કરીને ભરવાની રહેશે.
- શાળાના રમત ગમતના મેદાન અંગે સ્થાયી સૂચનાઓ ધ્યાને લઇ અભિપ્રાય આપવો.
- શિક્ષણ વિભાગના તા.૨૫/૨/૨૦૦૯ના ઠરાવની સુધારેલ જોગવાઇઓ અનુસાર નજીકની શાળાઓના પ્રમાણપત્ર મેળવવાની રહેશે.
- શિક્ષણ વિભાગના તા. ૩૧/૧૨/૨૦૦૯ અને તા. ૮/૩/૨૦૧૧ ના ઠરાવોની જોગવાઇઓ અનુસાર વિધાર્થી સંખ્યા તેમજ સરાસરી હાજરી જળવાય છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.
- શાળા પાસે માંગણી સહિતના વર્ગો માટે વર્ગખંડોનું ક્ષેત્રફળ માધ્યમિક શિક્ષણ વિનિમય ૯(૧૩)(૨) ની જોગવાઇ મુજબ ઓછામાં આછું ૪૦૦ ચોરસ ફૂટ અને વિધાર્થી દીઠ ૦૬ ચોરસ ફૂટ જાળવવાનું રહે છે.
- શાળામાં વર્ગખંડોમાં લાઇટ-પંખાની પર્યાપ્ત સુવિધા, પીવાના પાણીની વ્યવસ્થા, આરોગ્ય વિષયક સગવડ પર્યાપ્ત હોવી જોઇએ.
- મકાનના સ્ટ્રકચરલ એન્જીનીયરનું પ્રમાણપત્ર/ બી.યુ. પરમીશનની ચકાસણી કરવાની રહેશે.
- છેલ્લાં પાંચ વર્ષના પરિણામની વિગતો.